# મેઘરજ પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ સટ્ટાના રવાડે

**બે દિવસ અગાઉ ઘાંચીવાડા વિસ્તારમાંથી પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ સહિત પાંચ ઈસમો સટ્ટો રમતા રંગે હાથ ઝડપાયા હતા**

મોડાસા, તા. ૨

મેઘરજ પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ હાલ શૈક્ષણિક કાર્યને બદલે પોતાના આર્થિક લાભ ખાતર ક્રિકેટ સટ્ટાના રવાડે ચડી ગયા છે. બે દિવસ અગાઉ જ પોતાના પાંચ મિત્રો સાથે મેચ પર હારજીતનો સટ્ટો રમાડતા ઝડપાઈ ગયા હતા. નવાઈની વાત તો એ છે કે દેશના ભવિષ્ય એવા બાળકોને શિક્ષણ આપવાની જવાબદારી જેના શીરે છે તેવા જ જવાબદાર પદાધિકારી ખુલ્લેઆમ સટ્ટો રમી રમાડી રહ્યા છે. તો આ માસૂમ બાળકોને શુ શિક્ષણ આપતા હશે તે મુદ્દો હાલ મોડાસા ચર્ચાનું કેન્દ્ર છે.

પ્રાપ્ત વિગતો મુજબ મેઘરજના ઘાંચીવાડા વિસ્તારમાં જિલ્લા એલસીબી ટીમે બાતમીના આધારે એક રહેણાંક મકાનમાં દરોડો પાડી પાંચ જેટલા સટ્ટોડીયાઓને ક્રિકેટ મેચ પર હારજીતનો સટ્ટો રમતા-રમાડતા ઝડપી પાડ્યા હતા. પોલીસે સટ્ટોડીયા આરોપી સીરાજ ઈકબાલ કુશ્કીવાલા, યુનુશ અહેમદ ખભરાટ, હાજી યુસુફ અહેમદ બંગા, રસીદ બાબુભાઈ બંગા અને રહીમ અહેમદ બંગા (તમામ રહે. મેઘરજ)ની પાસેથી રૂ. ૮૯,૧૦૫નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને તમામને જેલ હવાલે કરી દીધા હતા. જો કે હાલ તમામ જામીન લઈ જેલમાંથી બહાર આવી ગયા છે. જ્યારે પકડાયેલા આરોપીઓમાંથી યુનુશ અહેમદ ખભરાટ મેઘરજ પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ હોવાનું બહાર આવ્યું છે. ત્યારે પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ જ પોતાના આર્થિક લાભ ખાતર ક્રિકેટ મેચના રવાડે ચડી ગયા છે. તો તાલુકાના માસુમ બાળકોના શિક્ષણ પર શુ અસર પડશે તે મુદ્દો હાલ મોડાસામાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે.



પાલનપુર શહેરના માનસરોવર રેલ-વે ક્રોસીંગ નજીક રેલ-વે ઓવર બ્રિજ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્યારે નગરપાલિકા તંત્ર દ્વારા બે કાચા મકાનો તોડી પડાતા હાલ બે પરિવારોની હાલત ઉપર આભ નીચે ધરતી જેવી થઈ ગઈ છે. તંત્રએ કોઈપણ પ્રકારની વૈકલ્પિક વ્યવસ્થા કરાયા વગર જ જેસીબી વડે ગરીબ પરિવારનો આશિયાનો તોડી પાડતા મહિલાઓ ભારે માયુસ બની રડી પડી હતી. ગરીબ પરિવારના ઝુંપડા બે મિનિટમાં જ તુટી જાય છે. પરંતુ બીન કાયદેસર બની ગયેલા તોતીંગ બિલ્ડીંગ તંત્રના નજરે નથી આવતા. આવા સવાલો પ્રજામાં ઉઠી રહ્યા છે.

# શામળાજીના અસાલ નજીક કાર પલટી જતા કારચાલકનું ઘટનાસ્થળે મોત

શામળાજી, તા. ૨

અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પર શામળાજી નજીક આવેલા અસાલ ગામની સીમમાં ગુરૂવારે સાંજના સુમારે પસાર થતી ઈયોનકારના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા કાર રોડ પર ત્રણ-ચાર પલટીઓ મારી માર્ગની બાજુમાં અટકી ગઈ હતી. કારનો ખુદડો બોલાઈ ગયો હતો. કાર પલટી જતા કારચાલકના શરીરે ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. કારમાં સવાર અન્ય ત્રણ લોકોના શરીરે ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. શામળાજી પોલીસે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીના અસાલ ગામની સીમમાં ગુરૂવારે સાંજના સુમારે ગમખ્વાર અકસ્માત સર્જાતા કારચાલકનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. ગુરૂવારે સાંજના ૬ વાગ્યાના સુમારે રાજસ્થાન તરફથી પુરપાટે ગફલતભરી રીતે હંકારી પસાર થતી ઈયોન કાર (હુન્ડાઈ) ગાડી નં. જીજેડબલ્યુ૧.૨૯૦૭ના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા અસાલ ગામની સીમમાં ત્રણ-ચાર પલટી ખાઈ જતા કાર ચાલકના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા



ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. અમદાવાદના કારચાલક રાજીવભાઈ સુરેશભાઈ શાહે (રહે. દેવદત્ત એપાર્ટમેન્ટ, કિરણ પાર્ક નવા વાડજ, અમદાવાદ)નું અકસ્માતમાં મોત નિપજવાની ઘટનાની જાણ તેના પરિવાર અને મિત્રો તથા તાબડતોડ શામળાજી ખાતે દોડી આવ્યા હતા અને પરિવારજનોએ ભારે આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી. જ્યારે ઈયોનકારમાં સવાર અન્ય ત્રણ યુવાનોના શરીરે ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. શામળાજી પોલીસે અલય રણછોડભાઈ પટેલ (સેટેલાઈટ, અમદાવાદ)ની ફરિયાદના આધારે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

## મોડાસા કુમકુમ પાર્ટી પ્લોટ ખાતે માં અન્નપૂર્ણા યોજનાનો શુભારંભ કરવામાં આવશે

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે ગુજરાત રાજયના સર્વાંગી વિકાસને વરેલી ગુજરાત સરકાર દ્વારા રાજયમાં ૨ રૂપિયે કિલો ઘઉં તેમજ ૩ રૂપિયે કિલો ચોખા આપવાની યોજના એટલે કે 'માં અન્નપૂર્ણા યોજના.' આ યોજનાનો શુભારંભ તા. ૬-૪-૨૦૧૬ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે કુમકુમ પાર્ટી પ્લોટ મેઘરજ રોડ મોડાસા ખાતે કરવામાં આવનાર છે. ઉપરોકત કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લાના પ્રભારી સચિવ આર.એમ. જાદવ તેમજ જિલ્લા સંસદ સભ્ય તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેનાર છે તેમ કલેકટરે જણાવ્યું છે.

## મોઢુકા-પુંસરી રોડ પર અદાવત રાખી માર મારતા ચાર સામે ફરિયાદ

હિંમતનગર, તા. ૨

તલોદ તાલુકાના મોઢુકા-પુંસરી રોડ પર બુધવારે રાત્રે ચાર જણાએ અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી પુંસરીના એક શખ્સને માર મારી ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જેથી ચારેય જણા વિરૂદ્ધ ગુરૂવારે તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

# શામળાજી નજીક કાર અને ટ્રકમાંથી ૧૭ લાખનો વિદેશી દારૂ ઝડપાયો : ૧ની ધરપકડ

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી નજીક આવેલી આંતરરાજ્ય સરહદ રતનપુર ચેકપોસ્ટ માર્ગેથી ગુજરાત રાજ્યમાં મહત્તમ વિદેશી દારૂ તેમજ નશાકારક દ્રવ્યો ઘુસાડવા માટે રજયના અને રાજય બહારના બુટલેગરો માટે સૌથી સલામત ગણવામાં આવે છે. છાશવારે રતનપુર ચેકપોસ્ટ નજીક અને અમદાવાદ-ઉદેપુર હાઈવે નં. ૮ પર વિદેશી દારૂની ટ્રકો અને કારો પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવે છે. તેમ છતાં મુખ્ય સૂત્રધારો સુધી પહોંચવામાં ગુજરાત પોલીસનો પનો ટુંકો પડી રહ્યો છે. શુક્રવારે શામળાજી પોલીસે ટ્રકમાંથી ગેરકાયદેસર ભરીને લવાતા રૂ. ૧૬.૩૨ લાખના વિદેશી દારૂને ઝડપી પાડી એક શખ્સની અટકાયત કરી હતી. તદઉપરાંત શામળાજી આશ્રમરોડ પર ઓવર બ્રિજ નજીક એક નવી મારૂતિ સીયાઝ કાર ડિવાઈડર સાથે અથડાતા દોડી ગયેલી પોલીસને કારમાંથી ૪૩ હજારનો વિદેશી દારૂ મળી આવ્યો હતો. શામળાજી પોલીસે કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

શામળાજી પોલીસના જણાવ્યા અનુસાર ડી.વાય.એસ.પી. કે.એફ. બડોલીયા, એલ.સી.બી. પી.આઈ. પી.એસ. પરમાર અને



શામળાજી પી.એસ.આઈ. વાય.જે. રાઠોડની બાતમીના આધારે રતનપુર ચેકપોસ્ટ નજીક શુક્રવારે રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકિંગ હાથ ધરતાં આર.ટી.ઓ. ચેકપોસ્ટ નજીકથી રાજસ્થાન તરફથી આવતી ટ્રક નંબર આર.જે. ૩૨જીબી.૦૬૦૭ની ઝડપ શંકાસ્પદ જણાતા અટકાવી તલાશી હાથ ધરતા ટ્રકની અંદર સોફ્ટટોન પાવડરની થેલીઓ નીચે સંતાડીને લવાતી ૫૦૦ પેટીઓ કિંમત રૂ. ૧૬.૩૧ લાખ તેમજ ટ્રકની કિંમત રૂ. ૧૦ લાખ મળી કુલ ૨૬.૩૨ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ અલવર રાજસ્થાનના ધરમ પીરસીંગ ઉર્ફે સંદીપ જયરામ જાટાણીની ધરપકડ કરી પ્રોહીબીશેન એક્ટ હેટળ ગુન્હો નોંધી આરોપીને જેલના સળીયા પાછળ ધકેલી દીધો હતો.

શુક્રવારે સાંજના સુમારે રાજસ્થાન તરફથી વિદેશી દારૂ અને બીયરનો ગેરકાયદેસર જથ્થો ભરી પસાર થતી નવી નક્કોર મારૂતિ સીયાઝ કારના ચાલકે શામળાજી નજીક આવેલા આશ્રમરોડના ઓવરબ્રીજ નજીક કાર ચાલકે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા કાર ડિવાઈડર સાથે અથડાતા અકસ્માત સર્જાયો હતો. કારચાલક કાર ઘટનાસ્થળે મુકી ફરાર થઈ જતાં આ ઘટના અંગે શામળાજી પોલીસને જાણ થતા શામળાજી પોલીસે સીયાઝકારની તલાસી લેતા કારમાં ગેરકાયદેસર વગર પાસપરમીટનો વિદેશી દારૂની બોટલો અને ટીન નંગ કુલ ૪૦૩ કિંમત રૂ. ૪૩૦૦૦ તથા સીયાઝ કાર કિંમત રૂ. ૫૦,૦૦૦ મળી કુલ ૫૪૩૦૦૦ રૂ.નો મુદ્દામાલ ઝડપી પાડી શામળાજી પોલીસે ફરાર કારચાલક વિરૂદ્ધ પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# ધાનેરા મામલતદારે બળતણના લાકડા ભરેલું ટ્રેક્ટર ઝડપી બહાદુરી બતાવી

**ધાનેરા મામલતદારમાં જો તાકાત હોય તો વૃક્ષોની હત્યા કરી શો મિલમાં ઠલવાતા ટ્રેક્ટર ઝડપે : લોકોનો આક્રોશ**

ધાનેરા, તા. ૨

ધાનેરા મામલતદારે લીલા



લાકડા ભરેલા ટ્રેક્ટર ને પકડવાના બદલે બળતણ માટે લઈ જવાતા લાકડા ના ટ્રેક્ટર પકડતા ધાનેરા શહેર માં અનેક સવાલો ઉઠવા પામ્યા છે અને લોકો જણાવી રહ્યા છે કે જો ધાનેરા ના મામલતદાર આટલા બધા બહ્દુર હોય તો બળતણ માટે લઈ જવાતા ટ્રેક્ટર પકડવાની બંધ કરી જે વૃક્ષો ની હત્યા કરી ટ્રેક્ટર શો મિલ માં ઠલવાય છે તે ઝડપી પાડે.

કહેવાય છે કે દરિયામાંથી ડોલ ભરવાથી કઈ દરિયો ખાલી નથી થઈ જતો. ધાનેરા મામલતદારે બળતણ માટે લઈ જવાતા લાકડા ભરેલા ટ્રેક્ટરને ઝડપી બહાદુરી બતાવી હતી ધાનેરા વિસ્તાર છેલ્લા કેટલાય સમયથી લીલા વૃક્ષોના કટિંગ કરવાનો ગોરખધંધો ચાલી રહ્યો છે ત્યારે ધાનેરાના હપ્તા ખાઉં અધિકારીઓ હપ્તાની લ્હાયમાં સરેઆમ વૃક્ષોનું નિકંદન કાઢી રહ્યા છે. ધાનેરાના જાહેર માર્ગો પરથી દિવસના ૧૦૦ જેટલા ટ્રેક્ટર લીલા વૃક્ષોની હત્યા કરી ધાનેરાની શો મિલમાં ઠલવાય છે છતાં પણ ધાનેરાનું સ્થાનિક તંત્ર આંખ આડા કાન કરી ચુપચાપ મૂંગા મોઢે તમાશો જોયા કરે છે. લોકો દ્વારા વારંવાર રજૂઆત કરવા છતાં પણ તંત્ર દ્વારા વૃક્ષોની હત્યા કરનાર સામે કોઈજ પ્રકારના પગલા ભરવામાં નથી આવતા અને લોકોની રજૂઆત બાદ ધાનેરા મામલતદાર દ્વારા ગઈકાલે લીલા લાકડા ભરેલા ટ્રેક્ટર પકડવાનું નાટક ભજવ્યું હતું જેમાં એક યુવક શો મિલમાંથી પોતાના ઘરે બળતણ માટે ટ્રેક્ટર ભરીને લાકડા લઈ જઈ રહ્યો હતો તે ટ્રેક્ટર પકડી ધાનેરા મામલતદારે બહાદુરી બતાવી હતી



અને જયારે લીલા લાકડા ભરેલા ટ્રેક્ટર આવતા મામલતદારે ત્યાંથી ચાલતી પકડી હતી તો બીજી તરફ ધાનેરા માં ચોરે ને ચૌટે એકજ વાત સાંભળવા મળી રહી છે કે ધાનેરા મામલતદાર એક પણ ટ્રેક્ટર નહિ પકડે કેમ કે તે વાર્ષિક લાખો રૂપિયાના હપ્તા લે છે અને જો હપ્તા ન લેતા હોય તો ધાનેરાના જાહેર માર્ગ જેવા કે નેનાવા રોડ, ડીસા રોડ, થરાદ રોડ પરથી રાત્રીના સમયે ૫૦ થી પણ વધારે લીલા લાકડા ભરેલા ટ્રેક્ટર પસાર થાય છે તે ઝડપી પાડે એક તરફ ગુજરાત સરકાર દ્વારા વૃક્ષારોપણ પાછળ લાખો રૂપિયાનો ધુમાડો કરવામાં આવી રહ્યો છે તો બીજી તરફ કેટલાક હપ્તા ખાઉં અધિકારીની મીલીભગત અને હપ્તાની લહાયમાં સરેઆમ વૃક્ષોની હત્યા થઈ રહી છે ત્યારે ધાનેરાની જનતા અને પર્યાવરણ પ્રેમી ઈચ્છી રહ્યા છે કે જીલ્લાના દયાવાન કલેકટર સાહેબશ્રી આવા હપ્તા ખાઉં અધિકારીઓને પાઠ ભણાવી તેની સાન ઠેકાણે લાવે.

## વડાલીના માલપુર પાસે અજાણ્યા વાહને ટક્કર મારતા એકનું મોત

વડાલી તાલુકાના માલપુર ગામે બે દિવસ અગાઉ એક અજાણ્યા વાહને ટક્કર મારી એક ઈસમને ઈજા પહોંચાડી હતી. જેથી તેમનું ગુરૂવારે સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. જેથી વડાલી પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. માલપુર ગામેથી બે દિવસ અગાઉ પસાર થઈ રહેલ એક અજાણ્યા વાહન ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી ગોદડજી હદાજી ઠાકોરને ટક્કર મારતા તેમને ગંભીર ઈજા થઈ હતી. ત્યારબાદ તેમને સારવાર માટે ખસેડાયા હતા. જ્યાં તેમનું મોત નિપજ્યું હતું. જે અંગે માલપુરના નરેશભાઈ કોદરજી ઠાકોરે અજાણ્યા વાહન ચાલક વિરૂદ્ધ ગુરૂવારે વડાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# દિયોદરમાં રાહતદરના મકાન માલિકોને ખોટી પાવતી પધરાવી લાખોનું ફુલેકુ ફેરવી મદદનીશ ફરાર

દિયોદર, તા. ૨

ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડ દ્વારા દિયોદર ખાતે અંબિકાનગર સોસાયટીમાં રાહત દરે મકાનો બાંધવામાં આવ્યા હતા. જેમાં નિયમ મુજબ દર મહિને મકાન માલિકો પાસેથી હપ્તા વસુલી કરવામાં આવતા હતા. ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડના રિકવરી આસીસ્ટન દ્વારા ઘણા સમયથી ખોટી પાવતી બતાવી સહી સિક્કા કરી મકાનના લાભાર્થી પાસેથી હપ્તા વસુલી કરી હતી. આમ ગાંધીનગર ખાતે ગૃહ નિર્માણ બોર્ડમાં પૈસા જમા ન થતા લાભાર્થીઓએ ગાંધીનગર ખાતે પાવતી દર્શાવી હતી. જેમાં તેમના જ અધિકારીએ પૈસા વસુલી કર્યા બાદ જમા ન કરાવ્યા હોવાનું ધ્યાને દેખાતા દિયોદર પોલીસ મથકે નાયબ કાર્યપાલક ઈજનેરે ફરિયાદ આપતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

પ્રાપ્ત માહિતી મુજબ ગૃહ નિર્માણ બોર્ડ દ્વારા દિયોદર અંબિકા નગર સોસાયટીમાં રાહત દરે મકાનો બનાવવામાં આવ્યા હતા જેમાં નિયમ પ્રમાણે દર મહિને લાભાર્થી પાસેથી હપ્તા વસુલી કરવામાં આવતા હતા. દરમિયાન ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડના રિકવરી આસીસ્ટન દિનેશ કેશવગીરી સ્વામી (રહે. ભાલક તા. વિસનગર જિ. મહેસાણા) દ્વારા ગૃહ નિર્માણ બોર્ડની ખોટી પાવતી બનાવી સિક્કા કરી ૧૪ મકાનોના લાભાર્થીને પાવતી આપી હપ્તા વસુલી કરી હતી. ગાંધીનગર ગૃહ નિર્માણ બોર્ડમાં લાભાર્થીઓના પૈસા જમા ન થતા ગૃહ નિર્માણ બોર્ડ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં લાભાર્થીને આપેલી પાવતીઓ ડુપ્લીકેટ હોવાનું દેખાતા અને સહી સિક્કા પણ ખોટા હોવાનું જણાતા ૧૪ માલિકોને આ અંગે પુછપરછ કરી હતી. જેમાં તમામ લાભાર્થી પાસે ડુપ્લીકેટ પાવતી હોવાથી રાહત દર મકાનમાં ચિટીંગ થયું હોવાનું ધ્યાને આવ્યું હતું. આથી વિષ્ણુભાઈ મોહનભાઈ પટેલ નાયબ કાર્યપાલક ઈજનેર દિયોદર પોલીસ મથકમાં ગુજરાત ગૃહ નિર્માણ બોર્ડના રિકવરી આસીસ્ટન વિરૂદ્ધ ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કોટડામાંથી બે બોગસ તબીબ પકડાયા

હિંમતનગર, તા. ૨

પોશીના તાલુકાના લાંબડીયા ગામેથી શુક્રવારે આરોગ્ય વિભાગ દ્વારા પ્રજાના આરોગ્ય સાથે ચેડા કરતા બે બોગસ તબીબોને ઝડપી લેવામાં આવ્યા હતા. ત્યારબાદ આ બંને વિરૂધ્ધ ખેરોજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

લાંબડીયા, પોશીના સહિત અન્ય સ્થળે કેટલાક લે-ભાગુ અને ડીગ્રી વગરના બની બેઠેલા તબીબો પ્રજાના આરોગ્ય સાથે ચેડા કરીને સારવારને નામે અઢળક નાણાં કમાઈ રહ્યા છે. દરમ્યિાન આરોગ્ય વિભાગ દ્વારા કોટડા ગામે બોગસ પ્રેકટિસ કરતા ચંપકભાઈ હીરાભાઈ પંડયા અને પુનમભાઈ લકુરના કલીનીકમાં શુક્રવારે આરોગ્ય વિભાગના અજાવાસ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર ડૉ.લાજવંતીબેન ચંદ્રપ્રકાશ મકવાણા અને લાંબડીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર ડૉ. હરિન યાદવે તપાસ કરી બંને બોગસ ડોકટરોને ઝડપી લીધા હતા.

ત્યારબાદ આ બંને વિરૂધ્ધ ખેરોજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાતા પી.એસ.આઈ. વી.બી.કોઠીયાએ વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે લાંબડીયા, પોશીના, કોટડા સહિતના અન્ય ઊંડાણના વિસ્તારોમાં વર્ષોથી બોગસ તબીબો સારવારના નામે પ્રજાના આરોગ્ય સાથે ચેડા કરી રહ્યા હોવાનું જિલ્લાના આરોગ્ય વિભાગના અધિકારીઓને ખબર હોવા છતાં તેઓ નામ માત્રની કામગીરી કરે છે. પરંતુ આરોગ્ય વિભાગ દ્વારા આવા બોગસ ડોકટરો સામે સખ્ત કાર્યવાહી કરવાની જરૂર છે એમ આ વિસ્તારની પ્રજા માની રહી છે. જોકે આ વિસ્તારમાં આવેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં ફરજ બજાવતા સ્ટાફને પણ સુચના આપી તેઓ સારવાર લેવા આવતા દદીઓને સમયસર આપે તેવી વ્યવસ્થા ગોઠવવાની જરૂર છે.